# રૂહાની વિજ્ઞાનની

## અજાયબીઓ અને અચંબાઓ

લેખક
અલ્લામા નસીરુદ્દીન "નસીર" હુંઝાઇ

# રૂહાની વિજ્ઞાનની

## અજાયબીઓ અને અચંબાઓ

: લેખક :

અલ્લામા નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઈ

: અનુવાદક :

અકબર હબીબ રાજન

: પ્રકાશક :

ખાનએ હિકમત-ઈદારાએ 'આરિફ'

૩-એ, નૂર વીલા, ગાર્ડન વેસ્ટ

કરાચી (પાકિસ્તાન)

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

# એક મહાન અનુવાદકની રજત જયંતી

એમાં કોઇ શંકા જ નથી કે ઇલ્મ (જ્ઞાન) અને સાહીત્યની દુનિયામાં લેખકોની જેમ જ તરજુમા કરનાર (અનુવાદક) પણ મોટાં નેકનામ, આદરને પાત્ર અને આવનાર ઇતિહાસમાં જીવંત અને અમર થઇ જાય છે. અનુવાદકનો મહાન ઉપકાર એક તરફ ભાષા અને તે ભાષાવાળા (એટલે કે તે ભાષાનો ઉપયોગ કરનારાઓ) ઉપર છે તો બીજી તરફ લેખક અને તેની સાથે સહેમત થનારાઓ, મિત્રો ઉપર, કેમકે જે સ્કોલરો (વિદ્વાનો) દીની પુસ્તકોનો અનુવાદ કરે છે તે માનવંત લોકો પોતાની મુબારક કલમથી જાણે કે ઇલ્મો હિકમતના વર્તમાન (નવીન) શહેરોને આબાદ કરે છે, કે જેની આબાદી આવનારા વર્ષો અથવા આવનાર યુગો સુધી કાયમ રહેનારી છે.

આ એક સ્પષ્ટ હકીકત છે કે ઇલ્મ ખુદાની ખુદાઇમાં સર્વથી ઉત્તમ અને મહાન વસ્તુ છે, તેથી ઇલ્મી સેવા અનુપમ અને સઘળી સેવાઓની સરદાર અને બાદશાહ છે, તો એ કલમવાળા માનવંતોનું એ કેટલું મોટું સદ્‌ભાગ્ય છે કે જેઓ પોતાના ઉમદા મીઠા તરજૂમાઓ મારફત પ્યારી જમાતની સામે અલીએ ઝમાન (વખતના ધણી) અલૈહિસ્સલામનું ઇલ્મી દસ્તરખાન બીછાવી દયે છે. અમોને ખાત્રી છે કે તેમની આ દીની ખીદમતોમાં મૌલાએ પાક્નો રાજીપો સમાયેલો છે.

જેહાદ (ધર્મયુદ્ધ) કે જે ઇસ્લામ મઝહબની એક પવીત્ર ફરજ છે તે ન ફક્ત ધારદાર તલવાર વડે થાય છે પરંતુ ઇલ્મ અને હિકમતની ભાષા મારફત પણ થાય છે. એ મુજબ વર્તમાન સમયમાં કલમ દ્વારા થનાર જેહાદનું ઘણું મોટું મહત્ત્વ છે, કેમકે એ ઘણે દૂર સુધી પહોંચનાર (અસર કરનાર) તથા દાયમુલ અમલ એટલે કે હંમેશા રહેનાર કાર્ય છે માટે તરજૂમા કરનારા માનવંત સાહેબોને

અમો સઘળા અતીઘણા માન અને અદબ સહીત મુબારકબાદીની ભેટ ધરીએ છીએ, જે કબૂલ હો.

અમારૂં માનવું છે કે જમાતમાં જેટલા કલમવાળાઓ કાર્ય કરી રહ્યા છે તે સઘળાઓ હઝરત ઈમામે ઝમાન અલૈહિસ્સલામના ઈલ્મી લશ્કર છે, જેઓ પોતાના આકાની જાહેરી મદદ કરી રહ્યા છે, અને મૌલા તેઓની બાતિની મદદ ફરમાવે છે. તમો વિશ્વાસ કરો કે જાહેરી મદદ એક કુરાની હકીકત છે, જેમકે સુરહ આલે ઈમરાન (૩ : ૫૧)માં છે કે "પછી જ્યારે ઈસાએ બની ઈસરાઈલ તરફથી ઈન્કાર અનુભવ્યો, ત્યારે તેમણે કહ્યું કે અલ્લાહના માર્ગમાં કોણ મારો મદદગાર થાય છે ? હવારીઓએ જવાબ દીધો કે અમો અલ્લાહના મદદગાર છીએ." વળી સુરહ મોહમ્મદ (૪૭ : ૭)માં ધ્યાનપૂર્વક જોઈ લ્યો. "હે ઈમાનવાળાઓ ! જો તમે અલ્લાહની મદદ કરશો તો તે પણ તમારી મદદ કરશે અને તમારા પગ મજબૂત જમાવી દેશે." અસલમાં આ દીને હક્ક એટલે કે સાચા દીનની મદદ છે પણ તેની ઘણી મોટી મહત્ત્વતા અને મહાનતાને કારણે તે અલ્લાહની મદદ ગણાય છે.

જેમ જેમ જમાનો બદલાતો જાય છે તેમ તેમ આંતરિક અને બાહ્ય એટલે કે અંદરના અને બહારના અતીઘણા સવાલોની વણઝાર લાગી જાય છે. તેવામાં ઈમામ અલૈહીસ્સલામના ઈલ્મ અને હિકમત વડે સજાવેલા અને ગુંથેલા પુસ્તકો જ કામ આવી શકે છે, જેમાં પહેલેથી જ દરેક પ્રકારના સવાલો માટે વ્યાજબી જવાબો મળતા હોય છે અને સફળ ઈલ્મી ખિદમત તે જ છે જેમાં જવાબોનો ઘણો મોટો ભંડાર મૌજૂદ હોય.

આજે આપણે અહી ખાનાએ હિકમત, ઈદારાએ આરીફ અને બ્રુસેસ્કી રીસર્ચ એકેડેમી કરાંચીના અમલદારો અને મેમ્બરો ઘણા જ ખુશ ખુશાલ છે, એ માટે કે અમો અમારા એક મોટા પરોપકાર અને મહાન ગુજરાતી અનુવાદકના ૨૫ અનુવાદોની રજત જયંતી ઉજવી રહ્યા છીએ. એ પ્રીય અને માનવંત તથા મોટા નેકનામ સ્કોલર જનાબ અકબર હબીબ રાજન છે. તેવણે અનુવાદનું આ મહાન કાર્ય ૧૯૮૧માં આરંભ્યું હતું અને અત્યાર પર્યંત તેવણે અમારાં પુસ્તકોમાંથી

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

પચ્ચીસ (૨૫)નું ખૂબ જ સુંદર રીતે ગુજરાતીમાં અનુવાદ કરેલ છે. સઘળા લોકો કહે છે કે અનુવાદ કરવો એ ઘણી ખૂબીઓ, ઘણા ગુણો ધરાવનાર વસ્તુ છે.

રૂહાની અને કુરાની ઈલ્મ અને હિકમત ઉપર આધારિત ઊચ્ચ પુસ્તકોનો હકીકી અર્થમાં અનુવાદ કરવો દરેક માણસના માટે શક્ય નથી, જ્યાં સુધી કે ખુદાવંદે કુદ્દુસના તરફથી રૂહાની સહાય (ઈનાયતે અઝલી) કોઈ સદ્‌ભાગીની (મદદ) દસ્તગીરી ન કરે, જેમકે કહેવામાં આવેલ છે કે :

"ઈ સઆદત બઝોરે બાઝુ નીસ્ત = તા ના બખ્શદ ખુદાએ બખ્શંદા. આ સદ્‌ભાગ્ય એવું નથી કે જે બાહુબળ વડે મેળવી શકાય. જ્યાં સુધી ખુદાવંદે કરીમ મહેરબાનીથી પોતે તે અર્પણ ન કરે.

જનાબ અકબર રાજન, આ અનુપમ સફળતાથી અમોને એ વિશ્વાસ મળે છે કે તમારા ઉપર મૌલાએ બરહક રાજી છે, તેથી જ તમો આવું મહાન પરાક્રમ કરી દેખાડ્યું, કે જેમાં નેક નામ જમાતના માટે ઈલ્મ અને મારફતના દાયમી મેવાઓ મૌજૂદ છે કે જેનાથી અક્લ અને રૂહને પોષણ મળે છે.

આપણા પવીત્ર મઝહબમાં ખુદા, રસુલ (સ.અ.સ.) અને ઈમામ (અ.સ.)ની પવીત્ર મહોબ્બત તથા વિશ્વાસના બહેશ્ત જેવા બાગ-બગીચાઓ મૌજૂદ છે જેની આસપાસ મજબૂત રક્ષણ કરનારી દીવાલો આવાં પુસ્તકો વડે બનાવી શકાય છે, કે જેમાં ઈમામે ઝમાન (અ.સ.)નું રૂહાની ઈલ્મ હોય. કેમકે કોઈ બગીચો ચાર દીવાલો વગર રક્ષિત નથી રહી શક્તો અને ન કોઈ ક્લ્લિો તેની ફરતેની વાડ કે દીવાલ વગર હોય છે, તો તરજૂમો કરનારાઓનું પાત્ર જ્યાં પણ હોય ખૂબ જ આલીશાન હોય છે.

દરેક પુસ્તક હઝરત ઈમામ અલૈહીસ્સલામનો એક વિવિધરંગી ગુલદસ્તો છે, જાણે કે તે એક ઈલ્મી અને ઈરફાની (મારફતના જ્ઞાનનો) બગીચો છે, અથવા તો જવાહિરાતની દુકાન છે અથવા તો મીઠા પાણીનું ઝરણું છે અથવા તો મહેબૂબે જાન એટલે કે અતી પ્રીય જાણના માટે એક ભેટ છે. જો તે (પુસ્તક) ક્યાંય દૂર મોકલી દેવામાં આવે છે તો એલચી અથવા સંદેશવાહક છે. રચના કરવાના

સ્વરૂપમાં તે એક પ્રીય પૂત્ર છે અથવા વહાલી પૂત્રી છે. આ નામાએ આમાલ (કર્તવ્યોના હિસાબનું પુસ્તક) પણ છે. ઇલ્મી યુદ્ધ માટે સોલ્જર પણ છે અને હથિયાર પણ છે. રૂહાની શક્તિ માટેનો ખોરાક પણ છે તથા તંદુરસ્તીના માટે દવા પણ છે. દરેક દીની પુસ્તકમાં કુરાન, હદીસ અને ફરમાનની સુવાસ હોય છે, અલહમ્દો લિલ્લાહી રબ્બલ આલમીન.

જે દાનીશ્વરો અમારાં પુસ્તકોનો અનુવાદ કરતા આવ્યા છે અને જે પ્રીય મિત્રો અમારી તાલીમાત (કેળવણી)ને બીજી ભાષામાં રજૂ કરે છે અને તે ઉપરાંત જે સાથીદારો અમારી ત્રણેય સંસ્થાઓમાં કાર્ય કરી રહ્યા છે, તે સર્વે ઉપર હું કુરબાન થઇ જાઉં છું અને એ સત્ય છે કે હું રૂહાની ક્રાંતીની અંદર કુરબાન અને ફીદા થઇ ચૂક્યો છું. તમો આ અમલની હિકમતને સમજતા હશો ઈન્શાઅલ્લાહ તઅલા.

હવે આ ટૂંકા લેખના અંતમાં તમો સર્વે સાફ દિલથી દુઆ કરો કે હઝરતે રબ્બુલ ઈઝઝત અમારાં મહાન તરજૂમાકાર જનાબ અકબર હબીબ રાજનની સીલ્વર જ્યુબીલી (રજત જયંતી)ને બરકતોનું કારણ બનાવી દયે. આપને અને આપના નેકબખ્ત ખાનદાનની પ્રત્યેક વ્યક્તિને દીન અને દુનિયાની સફળતા, ઈઝઝત અને ઉન્નતી નસીબ થાય ! અને આજ દુઆ અન્ય તરજૂમાકારો તથા સઘળા સહાયરૂપ થનારાઓના હકમાં પણ છે. આમીન !

**નસીરૂદ્દીન નસીર (હુબ્બે અલી) હુંઝાઇ,**

*કરાચી*

*મંગળવર ૬ઠ્ઠી રમઝાન ૧૪૧૫ હિજરી*

*૭મી ફેબ્રુઆરી ૧૯૯૫*

# રૂહાની વિજ્ઞાનની અજાયબીઓ અને અચંબાઓ

## ભાગ પહેલો

આજથી લગભગ (૧૪૦૦) ચઉદસો વર્ષ અગાઉ પવીત્ર કુરાને ખૂબજ સ્પષ્ટ શબ્દોમાં એ ભવિષ્યવાણી ફરમાવી હતી કે નજીકમાંજ અલ્લાહતઆલા લોકોને આફાકમાં અને અનફુસમાં (જાહેરમાં અને બાતીનમાં) પોતાની કુદરતની નિશાનીઓ દેખાડવાનો ક્રમ શરૂ કરશે (૪૧:૫૩) જેથી કરીને આપણે કોઇ પણ શંકા વગર એ કહી શકીએ છીએ કે ખુદાની એ નિશાનીઓ અથવા તો અજાયબીઓ અને અચંબાઓ આજે ભૌતિક વિજ્ઞાન અને તેની શોધો ના સ્વરૂપે લોકોની સામે જાહેર છે. અને ખુદાની કુદરતની એ જ નિશાનીઓ આવતી કાલે રૂહાની વિજ્ઞાનની હેસિયતે વ્યક્તિગત જગતમાં પોતાનું અતીશય વિસ્મય પમાડનારૂં કાર્ય કરવાવાળી છે.

જો સર્વશક્તિમાન ખુદાની જાહેરી અને ભૌતિક નિશાનીઓને વિજ્ઞાનનું નામ દઇ શકાય છે તો ચોક્કસપણે તેની બાતિની અને રૂહાની નિશાનીઓને રૂહાની વિજ્ઞાન કહી શકાય છે. કેમકે જાહેરી જગત અને બાતિની જગત અને તેમાં જાહેર થનારી આયાત (નિશાની) એ બધું ખુદાનુંજ છે તેમ છતાં એ આયાતો (નિશાનીઓ) અને એ વિજ્ઞાનની ઘણી મોટી મહત્ત્વતા અને શ્રેષ્ઠતા હશે, જેના વિસ્મય પમાડનારા (આશ્ચર્યમાં ગરકાવ કરી દેનારા) ચમત્કારો વ્યક્તિગત જગતમાં જાહેર થનારાં છે, કેમકે ઇન્સાન (અર્થાત મનુષ્ય)નો મરતબો સમગ્ર કાયનાત અને તેમાં મૌજૂદ વસ્તુઓથી ઊંચો અને ગૌરવવાળો છે.

રૂહાની વિજ્ઞાનની મહાન અને શાનદાર જાહેરાત સંબંધે કુરાને હકીમની આ હિકમતસભર ભવિષ્યવાણી જનસમૂહ અને વધુમતી લોકોથી સંબંધ ધરાવીને ફરમાવવામાં આવી છે નહી તો માનવંત અંબીયાઓ અને ઓલીયાઓ અલૈહિમુસ્સલામ તેમજ ખુદાની ઓળખમાં પહોંચેલાઓ મુજબ તો રૂહાની વિજ્ઞાન માનવ ઈતિહાસના આરંભથીજ પોતાનું કામ કરતું ચાલ્યું આવ્યું છે, જેના દાખલાઓ આસમાની પુસ્તકમાં ઘણા વધારે પ્રમાણમાં મળી આવે છે, જેનો અર્થ એમ થયો કે રૂહાની પ્રગતી થકી મહાન રૂહના મહાન ભેદોથી હંમેશા ફાયદો મેળવી શકાય છે. જેમકે ખ્વાજા હફીઝનો આ પ્રખ્યાત શેર છે :–

*"ફૈઝે રૂહુલ કુદ્દુસ અરબાઝ મદદ ફરમાઈદ*
*દીગરાન હમ બીકુનન્દ આંચે મસીહા મી કરદ."*

અર્થ :–રૂહુલ કુદ્દુસ એટલે કે પવીત્ર રૂહની કૃપા જો ફરીથી મદદ ફરમાવે તો અન્ય લોકો પણ એવા ચમત્કાર કરશે જેવાં કે હઝરત ઈસા અલૈહિસ્સલામ કરતા હતા.

આજે જો મારા જેવો એક નાચીઝ, સામાન્ય માનવી, રૂહાની વિજ્ઞાનના ભેદો વિષે ચર્ચા કરી રહ્યો હોય તો ચોક્કસપણે તમો એમ સમજી લ્યો કે હવે તે બરકતવંતો ઝમાનો (તે સમય) આવી રહ્યો છે જેમાં ઉપર ઉલ્લેખાયેલી કુરાની ભવિષ્યવાણી મુજબ ખાસ રૂહાની વિજ્ઞાન લોકોના માટે સામાન્ય થનાર છે કે જેથી સાચા અર્થમાં માનવીયજગતની ભૌતિક, નિતીવિષયક અને રૂહાની પ્રગતી થઈ શકે. જી હા ! ચોક્કસપણે આ વાત સો ટચના સોનાની જેમ સાફ અને સત્ય છે કે જ્યાં સુધી રૂહાની વિજ્ઞાનની મહાન અને શાનદાર ક્રાંતિ (પરિવર્તન) નથી આવી જતી ત્યાં સુધી દુનિયાવાળાઓના આ સઘળા સખત અને અટપટા કોયડાઓનો અંત નહી આવે અને નતો પૃથ્વીના ગ્રહની ગરીબાઈ અને

અજ્ઞાનતાનો અંત આવી શકે છે, કેમકે ફક્ત રૂહાની વિજ્ઞાન જ છે કે જેમાં પરવરદીગારે આલમીને સઘળા લોકોના માટે બેહિસાબ હદ સુધીની ઈલ્મી બરક્તો રાખી છે, જેનો એક સ્પષ્ટ નમૂનો ભૌતિક વિજ્ઞાન છે કે જેના કારણે જગતની જાહેરી પ્રગતી થઇ છે.

બુઝુર્ગ અને મહાન ખુદાએ ધરતી અને આકાશની સઘળી વસ્તુઓને ખરેખરી રીતે અથવા સંભવિત હદે માનવીના તાબે કરી દીધેલી છે. આ અતી મહાન ઉપકારનો ઉલ્લેખ પવીત્ર કુરાનની ઘણીબધી આયતોમાં આવેલો છે. આ રબ્બાની (એટલે કે ખુદાઇ) શિક્ષણમાં જાહેરી અને બાતિની બેઉ પ્રકારના વિજ્ઞાનની તરફ ભરપૂર ધ્યાન દોરવવામાં આવેલ છે. હવે અમો નીચે જણાવેલ વાતોમાં રૂહાની વિજ્ઞાનની અમુક એવી અજબ અને અચંબાજનક વસ્તુઓનો ઉલ્લેખ કરી દઇએ છીએ જેનો કોઇ સંસ્થાને અનુભવ થઇ ચુક્યો છે અને કોઈક હદ સુધી તપાસ થઇ ચુકી છે.

સર્વ પ્રથમ આ અનુપમ હકીક્તની ખાત્રી કરવામાં આવેછે કે માનવી ન ફક્ત વ્યક્તિગત જગત (નાનકડું જગત) છે, પરંતુ એ ખુદાની ખુદાઈમાં ફક્ત એકજ રૂહાની અજાયબઘર (સંગ્રહસ્થાન) પણ છે. કુદરતના આ અજાયબ ઘરમાં અમર્યાદ અને અસંખ્ય જીવંત અને બોલનારી અજાયબીઓ અને અચંબાઓ મૌજૂદ છે, અહી તે (અજાયબીઓ)માં પ્રકાર પ્રકારના હિકમત સભર દાખલાઓથી ઘેરાયેલાં જીવંત અણુઓ મળી આવે છે. એ તમોને ન ફક્ત યાજૂજ અને માજૂજ તથા રૂહાની લશ્કરના નવાઇ પમાડનાર દાખલાઓ રજૂ કરી શકે છે બલ્કે અણુઓના જગતથી સંબંધ રાખનાર, ખુદાની ઓળખના સઘળા ભેદોનું અમલી પ્રદર્શન કરવું એ પણ તેમનું જ કામ છે અને સુક્ષ્મ શરીર અને રૂહ ઉપર આધારિત એ નાના નાના અસંખ્ય અણુઓની અનોખી વાત ખૂબ જ લાંબી છે.

આ સંબંધે એ પણ જણાવી દેવું જરૂરી છે કે રૂહાની વિજ્ઞાનમાં જાહેરી અને બાતિની ઇંદ્રીયો સાથે મળીને કામ કરે છે, માટે તેમની રૂહાની કેળવણી ખૂબજ જરૂરી છે. જે રીતે કોઇ નિપૂણ માણસને અવકાશમાં મોકલતાં પહેલાં કઠણ શારીરિક કસરતો કરાવાય છે, પછી તેને ધરતીના ગ્રહના ખેંચાણ (ગુરુત્વાકર્ષણ)થી બહાર જવું પડે છે એ જ રીતે રૂહાની વિજ્ઞાનના અનુભવોના માટે અતી કઠણ અભ્યાસ (પ્રેકટીસ)ની સાથે સાથે નફસાનીયતના ગ્રહના ખેંચાણથી પણ ઊપર નીકળી જવાની સખત જરૂરત છે, નહી તો શક્ય છે કે કોઇ માણસ એમ કહેવાની હિમ્મત કરે કે "રૂહાની વિજ્ઞાન" નામની કોઇ વસ્તુ છેજ નહી.

બરકતવંતા રૂહાની વિજ્ઞાનનો એક મહાન અને મોટો ફાયદામંદ અનુભવ એ પણ થયો છે કે માણસની સુંઘવાની શક્તિને પ્રકાર પ્રકારની સુગંધો પ્રાપ્ત થઇ શકે છે જેમાં સુક્ષ્મ સત્વમયી ખોરાક પણ છે અને જુદી જુદી બિમારીઓના માટે રૂહાની દવાઓ પણ. આ મુકામ ઉપર ખુબ જ ધ્યાનપૂર્વક તપાસ કરવાથી એ જાણાઇ જાય છે કે દરેક વસ્તુના મૂળ સત્વ (અસલ જોહર)નો ખજાનો રૂહજ છે અર્થાત દરેક ફૂલ, ફળ અને જડીબૂટીમાં જેવો રંગ અને જે પ્રકારની સુગંધ છે, તે રૂહના કારણે છે, કેમકે એ રૂહની જ કમાલ છે કે જે, રંગ અને ગંધ તથા સ્વાદ લઇને ફૂલ, ફળ, ફસલ અને અન્ય વનસ્પતીઓમાં આવે છે.

"ચીલ્લા" અથવા રૂહાની અભ્યાસ – રૂહાની કસરત માટેના એકધારા ચાલીસ દિવસ જેવી સખત પરિસ્થિતિ કોઇ અતીશય દિલ દુખેલા દરવેશના હકમાં (તેઓના માટે) કેટલાં બરકતવંતા હોય છે તેનો અંદાજો ફક્ત દાનીશમંદ લોકોજ કરી શકે છે. એક એવા ઊચ્ચ મરતબાવાળા વખતમાં જ્યારે કે ભૂખ અને તરસ ખૂબજ વહાલી લાગી રહી હતી ત્યારે "મુવક્કલ" એટલે કે એક રક્ષક ફરીશ્તાએ પુછ્યું કે "બતાવો, કઇ કઇ સુગંધોની કેફીયતમાં સુક્ષ્મ ખોરાકનો અનુભવ ઇચ્છો છો?" તો કરગરીને કહેવામાં આવ્યું કે "હું રૂહાની દૌલતના માટે અતીશય

મોહ્તાજ અને ગરીબ છું, માટે હું ફૂલો, ફળો અને વનસ્પતીઓની જુદી જુદી સુગંધનો અનુભવ કરવા ઇચ્છુ છું. અને (તુરતજ) એ સુગંધોનો અનુભવ કરાવવામાં આવ્યો, જેને જો રૂહાની વિજ્ઞાનની ખૂશખબરી ગણાવવામાં આવે તો ગેરવ્યાજબી નહીં હોય.

રૂહાની વિજ્ઞાનનો વ્યક્તિગત અનુભવ ખાસ પ્રકારે આ મંઝીલમાં શરૂ થઇ જાય છે, જ્યાં સાલિક (મુસાફર) એટલે કે રૂહાની રસ્તાના મુસાફર ઉપર જીવતા જીવત નફસાની મોત આવી જાય છે. આ મોતનો ફરી ફરીને આવવાનો ક્રમ સાત રાત્રી અને આઠ દિવસો સુધી ચાલતો રહે છે કે જેથી તેના મહાન અને શાનદાર મોઅજીઝાઓ અને અજાયબીઓ તથા અચંબાઓ ઉપર ખૂબજ ધ્યાનમગ્ન બની શકાય, એ સ્થિતિમાં કાયનાત અને તેમાં મૌજૂદ વસ્તુઓનો રૂહાની નિચોડ અથવા સત્વ અણુઓના સ્વરૂપે તે સાલિકમાં ભરી દેવામાં આવે છે અને તે સાલિકની રૂહ કાયનાતમાં ફેલાવી દેવામાં આવે છે અને આ અમલનો ક્રમ ઉપર ઉલ્લેખાયેલાં દિવસો અને રાત્રી સુધી ચાલે છે. એજ અર્થમાં બે બીબાઓ (બે સાંચા અથવા બે શરીર) થઇ જાય છે એક બીબુ (એટલેકે શરીર) આલમે કબીર (એટલેકે મહાન જગત)નું અને બીજું આલમે સગીર (વ્યક્તિગત જગત)નું, કે જેથી કાયનાત ઇન્સાની બીબામાં ઢળીને ઇન્સાને કબીર (એટલે કે મહાન માનવી) બની જાય, અને ઇન્સાન કાયનાતી શરીરમાં ઢળીને આલમે અકબર બની જાય, જેમકે મૌલા અલી (અ.સ.)નું ફરમાન છે કે

"ઓ ઇન્સાન ! શું તું એમ ધારે છે કે તું એક નાનકડું શરીર છે ? જોકે તારામાં તો આલમે અકબર (મહાન જગત) સમાયેલું છે." તો રૂહાની વિજ્ઞાન અલ્લાહની સૌથી મોટી ભેટ છે કે જેનાથી ન ફક્ત વ્યક્તિગત જગત અને કાયનાત અલ્લાહને શરણે.. અલ્લાહને તાબે થઇ જાય છે બલ્કે સાચું તો એ છે કે તે બન્નેની અસંખ્ય કોપીઓ પ્રાપ્ત થઇ શકે છે.

હવે એક ખૂબ જ મોટો વિશ્વવ્યાપી કોયડો સામે છે, અને તે છે યુ.એફ.ઓ. સંબંધેનો સવાલ, કે તે હકીકતમાં શું વસ્તુ છે ? આ સવાલ જેટલો મુશ્કેલ અને જેટલો જરૂરી છે, એટલોજ તેનો જવાબ દીલચસ્પ અને ફાયદામંદ પણ છે, તે એ છે કે યુ.એફ.ઓ. તે પ્રગતી પામેલ માનવીનું હંગામી અથવા કામચલાઉ નામ છે કે જે કોઇ અન્ય ગૃહ ઉપરથી આવે છે અથવા તો આ દુનિયામાં રહે છે. કેમકે માનવીજ છે કે જે ઘટ્ટ એટલે કે કસીફથી લતીફ એટલે કે સુક્ષ્મ બનીને ઉડ્ડયન કરી શકે છે. અને માનવીથીજ જીન અને પરી થઇ જાય છે. એ સુક્ષ્મ રચના એટલે કે લતીફ મખ્લુક ઉપર ખુદા અમોને અજમાવી રહ્યો છે. અને તેના જાહેર થવાને લીધે એવો ઇશારો પણ મળી રહ્યો છે કે રૂહાની વિજ્ઞાનનો ઝમાનો આવી ચૂક્યો છે અને યુ.એફ.ઓ. તે માનવી છે કે જે સમય આવતા ફરીશ્તો બની ચૂક્યો છે. અને ખુદાની આજ્ઞાથી પોતાને જાહેર કરીને એ સીગ્નલ આપી રહ્યો છે કે જુઓ વખત બદલાઇ ચૂક્યો છે અને રૂહાનીયતનો સમય આવી ગયો છે.

શું ધાતુ–પથ્થર એટલે કે નિર્જીવ વસ્તુનું પ્રગતીમય સ્વરૂપ વનસ્પતી નથી ? વનસ્પતીથી હેવાનનું અસ્તિત્વ નથી બનતું ? શું હેવાનનો ખુલાસો ઇન્સાન નથી ? ઇન્સાન રૂહાની પ્રગતીથી ફરીશ્તો નથી બની જતો ? શું ફરીશ્તો અદૃશ્ય હોવાના અર્થમાં જીવ નથી કહેવાતો ? શું દરેક રચનાઓ એટલે કે મખ્લુકાતનો એકબીજાની સાથે જાહેર સંબંધ – જાહેર સગપણ – અને બાતીનમાં તેઓનું એકજ હોવું સત્ય નથી ? આ સર્વે સવાલોનો એકંદર જવાબ અને ખુલાસો એ છે કે યુ.એફ. ઓ. હકીકતમાં બીજા ગૃહનો પ્રગતી કરેલો માનવી છે જેનું રૂહાની વિજ્ઞાન કમાલીયતના દરજ્જા ઉપર પહોંચી ચૂક્યું છે.

વિશ્વવ્યાપી અથવા આંતરરાષ્ટ્રીય સપાટીએ નીતી એટલે કે સદ્‌ચારીત્ર્યનો કાયદો હંમેશા એકજ હુકમ દયે છે કે પ્રત્યેક તે દેશ અને કોમ, કે જેણે પ્રગતી

કરી છે તેઓ પછાત લોકોની સહાય કરે, માટે બીજાં ગૃહ ઉપર રહેનારા માનવીઓ અથવા ફરીશ્તાઓની ફરજ એ છે કે તેઓ પોતાના એ ભાઈઓને કે જેઓ રૂહાની વિજ્ઞાનમાં ગરીબ છે, તેઓને ધરતી ઉપરથી ઉપાડીને અન્ય ગૃહો ઉપર – અન્ય સીતારાઓ ઉપર પહોંચાડી દયે. અલ્લાહના હુકમથી ચોક્કસપણે એમજ થશે. આ ઉડતી રકાબીઓ અવકાશી વહાણના સ્વરૂપમાં શા માટે નજરે પડે છે ? આ હિકમતનો ઈશારો છે કે જેમાં તેઓનું કહેવું છે કે અમે તમારા કાયનાતી વહાણ છીએ કે જેથી તમોને ભવિષ્યમાં કાયનાતની મુસાફરી કરાવવામાં આવે.

મહાનતા અને મોટાઇ તથા સલ્તનત અને સુલતાનીની એક અજબ ઈચ્છા એ પણ હોય છે કે બાદશાહ ક્યારે ક્યારે વેશપલ્ટો કરીને પોતાના રાજ્યમાં ફરે–હરે કે જેથી એ સ્પષ્ટ થઇ જાય કે લોકો કોઇ પણ ચિન્હ અથવા નિશાનીથી તેને ઓળખે છે કે નહિ. ખાસ કરીને એવી કસોટી રાત્રીના સમયે થતી હતી. રાત્રી અજ્ઞાનતાની ઉપમા પણ છે અને તે બાતિન પણ છે. અને પ્રગતી કરેલાં માનવીઓ અથવા ફરીશ્તાઓ ઉડતી રકાબીના વેશમાં આવીને દુનિયાના મોટા જ્ઞાનીઓ અને મોટા મોટાં દેશોની કસોટી કરતા રહે છે.

યુ.એફ.ઓ. અસલમાં તે અલૌકિક અથવા રૂહાની પ્રગતિ કરેલ માનવી છે કે જેને જુસ્સાએ ઈબ્દાઇયા અથવા ઓસ્ટ્રલ બોડી (સુક્ષ્મ શરીર) કહેવામાં આવે છે. વળી આ તે ચમત્કારિક પહેરણ છે કે જેને પહેરીને એટલે કે તેમાં સ્થળ ાંતર કરીને (તેમાં પોતાને ટ્રાન્સફર કરીને) તમોને ન તો ઠંડી લાગશે અને ન ગરમી અને ન તો કોઇ યુદ્ધ (કોઇ લડાઇ) તેનું કંઇ બગાડી શકે છે.

**–નસીરૂદ્દીન (હુબ્બે અલી) હુંઝાઇ**
**લંડન. ૧૪–૭–૯૫.**

# રૂહાની વિજ્ઞાનની અજાયબીઓ અને અચંબાઓ

## ભાગ. બીજો

જો આદમના કિસ્સા ઉપર રૂહાની વિજ્ઞાનનો પ્રકાશ નાખવામાં આવે તો ચોક્કસપણે તેમાંથી આદમના વંશજોના ફાયદા માટે ઘણા રહસ્યો છતા થઇ શકે છે. દાખલા તરીકે, સવાલ કરવામાં આવે કે ખુદાના હુકમથી જે ફરીશ્તાઓએ પહેલે પહેલ હઝરત આદમ અલૈહીસ્સલામને સિજદો કર્યો તે ક્યા ફરીશ્તાઓ હતા? તેઓની હસ્તીની કલ્પના શું છે ? સિજદામાં શું હિકમત સમાયેલી હતી? શું તેમાં આદમની ઔલાદના માટે પણ કોઇ જાનફીઝા ખુશખબરી છે કે નહિ?

આ માટે રૂહાની વિજ્ઞાનમાં આ જવાબ છે : સૌથી પહેલે આલમે ઝર્ર એટલે કે અણુના જગતના ફરીશ્તાએ હઝરત આદમ (અ.સ.)ને સિજદો કર્યો તે હસ્તીના હિસાબે તે ફક્ત અણુ જ હતા, તેઓ આદમના અસ્તિત્વમાં પડી રહ્યા હતા અને એજ (પડવાની ક્રિયા) સિજદાનું જાહેરી સ્વરૂપ હતું. આ ફરિશ્તાઓ જાહેરમાં તો અણુઓ પણ બાતિનમાં વ્યક્તિગત જગત અને કાયનાતને તાબે કરવાની કૂંચી એટલે કે ચાવી હતા. તેથી સિજદો ઇતાઅત એટલે કે તાબેદારી જાહેર કરવાના અર્થમાં હતો, કે આ ફરીશ્તાઓ હ. આદમ (અ.સ.)ને માટે વ્યક્તિગત જગત તથા કાયનાતને સાચા અર્થમાં તેમના તાબા હેઠળ લાવી દેશે, જી હા ! ઇલાહી રહેમતનો કાયદો હરગીઝ એવો નથી કે પિતાને ખિલાફતનો તાજ પહેરાવીને મલાયકો પાસેથી સિજદો લેવા લાયક બનાવી દેવામાં આવે અને ઔલાદને કાયમના માટે દોઝખની આગમાં ધકેલી દેવામાં આવે. માટે આ એક ખાત્રીપૂર્વકની સચ્ચાઇ છે કે હઝરતે અબુલ બશર એટલે કે માનવી અથવા

Institute for Spiritual Wisdom Luminous Science
Knowledge for a united humanity

ઈન્સાનના પિતા (હઝરત આદમ અ.સ.)ના માટે જે પ્રકારે ફરીશ્તાઓએ આણુના જગતમાં પણ અને તે પછી આગળ જતાં અક્લના જગતમાં પણ ફરમાનબરદારીનો સિજદો કર્યો તેમાં તેની ઔલાદના માટે બે વિભાગોમાં ખુશખબરી છે.

પ્રથમ વિભાગ એ કે ખાસ લોકોના યુગમાં હ. આદમ (અ.સ.)ના સદ્‌ગુણો અને શ્રેષ્ઠતા (ભલાઇ અને કમાલીયતો) ફક્ત અંબીયા અને ઔલીયા (અલૈહિમુસ્સલામ)નેજ પ્રાપ્ત થશે અને બીજા ભાગમાં ખુશખબરી એ છે કે સામાન્ય લોકોના યુગમાં રૂહાની ક્રાંતિ આવવાથી, આદમની રૂહાનીયત આદમના વંશજોની કરામતો અને સદ્‌ગુણોનું વર્ણન કરાયું છે અને તેઓના માટે શીખામણો પણ છે.

રૂહાની વિજ્ઞાનના પ્રકાશમાં એ પણ જણાઇ ચૂક્યું છે કે ફરીશ્તાઓએ હઝરત આદમ (અ.સ.)ને બીજો અને છેલ્લો સિજદો અક્લના જગતમાં કર્યો, જેમાં તેઓ દરેકેદરેક એકજ મહાન ફરીશ્તો હતા. જ્યારે રૂહાની અને અક્લની શક્તિઓએ ફરીશ્તાઓના સ્વરૂપમાં સિજદો કર્યો તો હઝરત આદમ (અ.સ.)ની ખિલાફત બ્રહ્માંડ એટલે કે કાયનાતની ધરતી ઉપર ખરેખર સ્થપાઇ ગઇ. અત્રે એ જરૂરી મુદ્દો યાદ રહે કે અલ્લાહતઆલાની અર્પણ કરેલી ખિલાફત ફક્ત ધરતીના ગૃહ સુધી મર્યાદિત નથી પણ તે તો પૂરી કાયનાતની ખિલાફત છે. કેમકે કુરાને પાકનું ફરમાવવું છે કે ખિલાફતે ઈલાહીયા એટલે કે અલ્લાહની ભૂમિ ખૂબજ વિશાળ છે (૨૪:૫૫, ૨૯:૫૬, ૩૯:૧૦) આ પરથી એ ઈશારો મળે છે કે (૧) તે ભૂમિ નફસે કુલ્લ છે, (૨) કાયનાત અને તેના સઘળા સીતારાઓ છે અને (૩) વ્યક્તિગત દુનિયાઓ છે.

આદમના કિસ્સાના રૂહાની રહસ્યો ઘણા છે. તેમાંથી ફક્ત અમુક દાખલાઓ રજુ કર્યા પછી હવે આપણે તે જાનફીઝા ખુશખબરીની તરફ આવીએ

છીએ કે જે આદમના વંશના લોકોના માટે છે. તે એ છે કે જ્યારે હ. આદમની ખિલાફતની જાહેરાત કરવામાં આવી તો તેમાં સર્વત્ર ફેલાનારી અને સર્વને પહોંચનારી ખુશખબરી હતી કે આ ખિલાફત આદમના શારીરિક જીવંત રહેવા પૂરતી મર્યાદિત નથી પરંતુ તેના ક્રમવાર વારસદારો (અંબીયા અને ઔલીયાઓ અલૈહિમુસ્સલામ)માં તે હંમેશા ચાલતી રહેશે અને બાકી રહેશે. અને જ્યારે સામાન્ય લોકોનો યુગ આવશે તો તે વખતે આદમની ખિલાફતના મહાન ચમત્કારો જાહેર થઇ જશે કે જેથી સામાન્ય લોકોને – માનવીઓને રૂહાની વિજ્ઞાનના અગણિત ફાયદાઓ પ્રાપ્ત થઇ શકે.

અલ્લાહ જલ્લજલાલની હિકમતના રહસ્યો ઘણાજ વિચિત્ર અને અજાયબી ભરેલાં હોય છે તે મહાન અલ્લાહ, લોકોને જાહેરીમાં અખત્યાર (સત્તા) આપે છે કે કોઇ તેની ઇબાદત કરે કે ન કરે એ તેની મરજી છે, પણ બાતિનમાં સઘળા લોકોને જબરદસ્તીથી (જોરજબરથી) હિદાયત અને ઇબાદતના માર્ગ ઉપર ચલાવતો રહે છે. અને આ ખૂબજ હૈરત પમાડનારૂં કાર્ય ઇન્સાનેકામીલના વ્યક્તિગત જગતમાં થાય છે. તમો સુરહ રઅદ (૧૩)ની આયત ૧૫માં જોઇ લ્યો "અને જેઓ આકાશો તથા જમીનમાં છે તેઓ ખુશીથી યા નાખુશીથી અલ્લાહને સિજદો કરે છે." વળી સુરહ નૂર (૨૪)ની આયત ૪૧માં જુઓ "...દરેક પોતાની દુઆ (નમાઝ)તથા પોતાની તસ્બીહ સારી પેઠે જાણે છે." આ પ્રકારની કુરાનની અન્ય આયાતો પણ છે.

જી હા ! એ વાત સાચી છે અને એ સત્ય છે કે અણુજગતમાં સઘળી વસ્તુઓના અણુ પ્રતિનિધિઓ મોજૂદ છે, અને તેમાં દરેક ખાસ અને સામાન્ય માનવીનું અણુ સ્વરૂપે પ્રતિનિધિ તરીકે રહેવું ઘણું જ જરૂરી છે, અને ઊપર ઉલ્લેખાયેલા કુરાની હવાલાઓ મુજબ અણુ જગતમાં (કે જે પરીપૂર્ણ વ્યક્તિની અંદર છે) અલ્લાહના માટેજ દરેકે દરેક લોકો ઇબાદત અને સિજદો કરે

છે, જેમકે સુરહ મરીયમમાં છે.

"ઈન્કુલ્લુ મન ફીસ્સમાવાતી વલ અર્ઝી ઈલ્લા આતીર્રહમાની અબ્દન." જેટલાં પણ આકાશ અને ધરતીમાં છે, દરેકે દરેક ખુદાતઆલાની રૂબરૂ (તેની સમક્ષ) ગુલામ બનીને હાજર થાય છે." (૧૯:૩૩), આનો અર્થ એ થયો કે ઘણા મુશ્કેલ અને ગુંચવાણ ભર્યા કોયડાઓ એવા છે કે જેનો ઉકેલ ફક્ત રૂહાની વિજ્ઞાનથીજ થઇ શકે છે, જેની જાહેરાત વ્યક્તિગત જગતની સહાય વડે સામાન્ય લોકોના યુગમાં થનાર છે. જેમકે સુરહ ઝુમરમાં રબ્બુલ ઈઝઝતનું ફરમાન છે "વ અશ્રકતીલ અર્ઝુ બિનૂરી રબ્બીહ--" અને ધરતી પોતાના પરવરદિગારના નૂરથી પ્રકાશિત થઇ જશે. (૩૯:૬૯). આ ઉલ્લેખ ક્યામતુલ ક્યામાતનો છે કે જેમાં રૂહાની વિજ્ઞાન અર્થાત રબ્બાની જ્ઞાન અને હિકમતથી ધરતી પ્રકાશિત થઇ જનારી છે, અને અહી ધરતીનો અર્થ (હેતુ) ધરતીના વસનારાઓથી છે. તો ઈલાહી વાયદા મુજબ (૪૧:૫૩) જાહેર પછી બાતિનમાં (વ્યક્તિગત જગતમાં) પણ કુદરતની નિશાનીઓ જાહેર થશે અને આ એકંદર ચમત્કારોનું નામ રૂહાની વિજ્ઞાના છે. જેની સહાય વડે લોકો એવી અજાયબીવાળી અને અચંબાવાળી રૂહાની શક્તિઓનો વપરાશ કરી શકશે કે જે ભૌતિક વિજ્ઞાન વડે તૈયાર કરેલ મશીનોના નમૂનારૂપ છે, પરંતુ તેનાથી પણ દરજ્જામાં વધીને અને બહેતર છે. આવી જબરદસ્ત રૂહાની પ્રગતિના યુગમાં એ વાત શક્ય છે કે જાહેરી મશીનો (યંત્ર) ધીમે ધીમે અંત પામતા જાય. દાખલા તરીકે જો ટેલીપેથીનો રિવાજ સામાન્ય થઇ જાય તો જાહેરી ટેલીફોનની માથાકૂટ કોણ કરશે, જો ઊડતી રકાબીઓ તાબે થઇ જાય છે તો હવાઈજહાઝની જરૂરત નહી રહેશે.

માનવીઓની રૂહાની પ્રગતીની સાથે સાથે ધરતીના ગૃહ ઉપર મોટા મોટા ફેરફારો થવાનો ઉલ્લેખ છે, સુરહ કહફ (૧૮:૭-૮), "અમોએ ધરતી ઉપરની વસ્તુઓને તેની શોભા બનાવી છે કે જેથી અમે તેમને અજમાવીએ (અને જાણી

લઇએ)કે તેમનામાંથી વધારે (સૌથી) સારા કાર્યો કરનારો કોણ છે, અને અમો ધરતી ઉપરની સઘળી વસ્તુઓને સપાટ મેદાન બનાવી દઇશું. એટલે કે જ્યારે સઘળા માનવીઓને સુગંધોનો રૂહાની ખોરાક મળતો રહેશે, જેના પરિણામે તેઓ સુક્ષ્મ શરીર બની જશે અને ખેતીવાડીની જરૂરતજ નહી રહેશે કેમકે લોકો સુક્ષ્મ હસ્તીની બહેશ્તમાં હશે.

કુરાને હકીમ ફરમાવે છે કે "કાનન્નાસુ ઉમ્મતંવ્વાહીદ દતંવ્વ..." (૨:૨૧૩) (શરૂઆતમાં) સઘળા લોકો એકજ ઉમ્મત હતા (અને છે) એટલે કે અઝલ અને અબદની કલ્પના અને આલમે ઝર્ર એટલે કે અણુ જગતમાં સઘળા માનવીઓ એકજ જમાત છે. અને સૌથી મોટી ક્યામતમાં પણ એકજ થઇ જવાના છે. પણ તેઓ આ યુગમાં (આ સમયમાં) જુદા જુદા દ્રષ્ટિકોણ ધરાવે છે. આથી જણાય છે કે જાહેરીમાં લોકોને એ અધિકાર આપવામાં આવ્યો છે જેના કારણે તેઓ ફિરકા ફિરકા એટલે કે વહેંચાયેલા અને જુદા જુદા થઇ ગયા છે અને બાતિનમાં અલ્લાહતબારક વ તઆલાનો અધિકાર છે જેના કારણે તે ઇન્સાને કામીલ (સંપૂર્ણ માનવી)ના વ્યક્તિગત જગતમાં એક દોરામાં (એક્તામાં) પરોવાયેલાં છે.

કુરાનની અમુક સુરાહોમાં છેવટમાં ખુલાસાના પ્રકારે જબરદસ્ત ઇલ્મો હિકમતવાળી કુરાની આયતો રહેલી છે જેને કુરાનનું ઇલ્મ રાખનારા આલીમો "ખવાતિમ"ના નામથી ઓળખે છે. એક એવી ઇલ્મો હિકમત સભર આયત સુરહ નમલના છેવટમાં છે જેનો તરજૂમો આમ છે

"અને તું આમ કહી દે કે સર્વે ગુણગાન અલ્લાહ માટે જ શોભાસ્પદ છે, જે તમને નજિકમાંજ પોતાની (કુદરતની) નીશાનીઓ દેખાડશે. પછી તમો તેને ઓળખી લેશો, અને જે જે કર્મો તમે કરી રહ્યા છો તેનાથી તમારો પરવરદીગાર અજાણ નથી (૨૭:૯૩). કુરાને અઝીમનું આ મહાન સંબોધન હઝરત ખાતેમુલ

અંબીયા સલ્લલ્લાહો અલૈહી વ આલેહી વ સલ્લમ મારફત સઘળા  માનવીઓને કરવામાં આવેલું છે, જેમાં જાહેરી અને બાતિની વિજ્ઞાનના સ્વરૂપે કુદરતના મોઅજીઝાઓની જાહેરાત, અનુભવ અને મારફતની ભવિષ્યવાણી છે. આ તે મહાન આયાત અને મોઅજીઝાઓનો સુંદર ઉલ્લેખ છે કે જેના ઐનુલ યકીન અને હક્કુલ યકીનના અનુભવથી રૂહાની રાહમાં મુસાફરને પોતાની જાત અને હકતઆલાની મારફત એટલે કે ઓળખ પ્રાપ્ત થઇ જાય છે.

અત્રે હું મારા લેખના બેઉ ભાગોના મૂળ અર્થને સ્પષ્ટ કરી દેવાને માટે એક મોટો મહત્વનો સવાલ કરૂં છું, તે એ છે કે ખાલીક અકબરે એટલે કે તે મહાન રચના કરનારાએ સઘળા લોકોને ક્યા ઇરાદાથી પૈદા કર્યા ? શું ખુદા એ નહોતો ઇચ્છતો કે લોકો ખુશીથી કે  જબરદસ્તીથી તેની પાસે પાછા ફરે ? શું સચ્ચાઇ કંઇક આવી નથી કે જો એક માણસ પોતાના અધિકાર વડે ખૂબજ ખોટું કામ કરે છે તો તેને એક વખત માટે શિક્ષા આપવામાં આવે છે પણ છેવટે અલ્લાહ તઆલાના અઝલના ઇરાદા મુજબ ફેસલો થઇ જાય છે જેમાં ભલાઇ જ  ભલાઇ છે ?

આ (સવાલનો) હિકમતભર્યો જવાબ આ છે : “અલ ખલકુ ઇયાલુલ્લાહુ વ  અહબ્બુલ ખલકી ઇલલ્લાહી મન નફસ ઇય્યાલ હુ વ અદખલસ્સરૂર અલા અહલી બૈતીહી” અર્થ:– સઘળી મખ્લુક (જાણેકે) અલ્લાહનું કુટુંબ છે, માટે મહાન ખુદાની પાસે સૌથી વહાલો અને પસંદ થયેલો શખ્સ તે છે કે જે તેના કુટુંબને વધુ ફાયદો પહોંચાડે અને તેના કુટુંબના લોકોને આનંદ આપે અને ખુશ કરે.”

સન્માન સહીત અસ્સલામ.

***– નસીરૂદ્દીન (હુબ્બેઅલી) હુંઝાઇ.***

**લંડન. ૧૮–૭–૯૫.**



## `Allāmah Naṣīr al-Dīn Naṣīr Hunzai

He is the author of over a hundred books related to the esoteric interpretation of the holy Qur'ān. He writes both prose as well as poetry. He is the first person to have a Dīwān of poetry in Burushaski, his mother tongue, and is known as "Bābā-i Burushaskī" (Father of Burushaski) for his service to that language. He also composes poetry in three other languages: Urdu, Persian and Turkish. His contribution to spiritual science has been widely recognised. His works include "Qur'ānic Healing", "Balance of Realities", "Du`ā' - Essence of `Ibādat", "What is Soul?", "Recognition of Imam, Parts I, II & III", as well as being co-author of a German-Burushaski dictionary published by Heidelberg University and "Hunza Proverbs" published by Calgary University.